-: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.**

**ક્રમાંક : વિ.શા/એ સેકશન/મકાન ભાડુઆત/ ૧૦ /૨૦૨૦**

વંચાણે લીધા :-(૧).નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી ક્રાઈમ બ્રાંચ,જુહાપુરા અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ના.પો.કમિ/એસ.ઓ.જી ક્રાઈમ/૨૧૯/૨૦૨૦ તા.૧૯/૦૨/૨૦૨૦ આધારે.

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે,ત્રાસવાદી/અસામાજીક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

આગામી તા.૨૪/૦૨/૨૦૨૦ ના રોજ અમેરિકાના માન.રાષ્ટ્રપ્રમુખશ્રી તથા ભારતના માન.વડાપ્રધાન શ્રી તથા બીજા મહાનુભાવશ્રીઓ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોઇ અને આ પ્રસંગે ખુબ મોટી સંખ્યા માં જાહેર જનતા પણ એકત્ર થનાર છે.અનુભવે એવુ જણાય છે.કે આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર,રાજય કે દેશમાંથી આવી કોઇના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહેતાં હોય છે.અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી તથા ગુન્હાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતાં મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું આશિષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ નં | મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત- કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું.? | જે વ્યકિતઓને ભાડે આપેલ છે.તેમના પાકા નામ,સરનામાં,ફોટા,પાસ પોર્ટ,ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા.૨૧/૨/૨૦૨૦ ના કલાક ૦૦.૦૦ થી તા.૨૦/૪/૨૦૨૦ ના કલાક ૨૪.૦૦ સુધી ( બંન્ને દિવસો સહિત ) ૬૦ દિવસ માટે અમલામાં રહેશે.આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૦/૦૨/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(આશિષ ભાટિયા )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર